ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-2293/04/2024** **તા.05.04.2024**

## પાટણ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયુ.

----

## કોંગ્રેસના ફરસુભાઇ ગોકલાણી તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમા જોડાયા.

----

## કાર્યકર્તાઓ યોગ્ય આયોજન સાથે કામ કરશે તો આપણા ઉમેદવારનો જંગી લીડ સાથે વિજય થવાનો જ છે. – શ્રી સી.આર.પાટીલ

----

## શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચૂંટણી સંકલ્પ પત્રમા જે પણ વચનો આપ્યા હતા તેને પુર્ણ કર્યા છે.- શ્રી ભરતસિંહ ડાભી

---

## વડાપ્રધાન મોદી સાહેબના નેતૃત્વમા દેશનુ અર્થતંત્ર ખૂબ મજબૂત થયુ છે ,મોદી સાહેબ જયારે ત્રીજી વખત વડાપ્રધાન બનશે ત્યારે તેમના નેતૃત્વમા ભારત ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે.– શ્રી બળવંતસિંહ રાજપૂત

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી જુદા-જુદા જિલ્લાઓમા બૂથ કાર્યકર્તા સંમેલન યોજી રહ્યા છે ત્યારે પાટણ ખાતે આજે તેમની વિશેષ ઉપસ્થિતિમા બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયુ. આ કાર્યક્રમમા જિલ્લાના પ્રમુખશ્રી દશરથભાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કાર્યક્રમમા કોંગ્રેસના ફરસુભાઇ ગોકલાણી તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમા જોડાયા

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ખૂબ મોટી સંખ્યામા કાર્યકર્તાઓ પધાર્યા છે તેમનો ઉત્સાહ જોઇને લાગે છે કે જંગી લીડ મળવાનુ પાકુ છે. આજે દેશમા મોદી સાહેબની લહેર ચાલી રહી છે એટલે એક સંકલ્પ કરો કે કોંગ્રેસના ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થાય. જો કાર્યકર્તાઓ યોગ્ય આયોજન સાથે કામ કરશે તો સફળતા મળવાની જ છે. બૂથ પ્રમુખો તેમના બૂથના નેતા છે. બૂથના પ્રમુખો તેમના સભ્યો સાથે સંપર્ક કરવો જોઇએ.બૂથ પ્રમુખોએ કેવી રીતે ચૂંટણીમા  વધુ મતદાન કરી શકે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. વડાપ્રધાનશ્રી નરેનદ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના છે અને ગુજરાતમા તમામ બેઠકો પર પાંચ લાખથી વધુની લીડ મેળવવાની છે.

લોકસભાના ઉમેદવારશ્રી ભરતસિંહ ડાભીએ સંબોધન કરતા જણાવ્યું કે, 2024 લોકસભાની ચૂંટણી ગુજરાત માટે ગૌરવ સમાન છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઇ રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચૂંટણી સંકલ્પ પત્રમા જે પણ વચનો આપ્યા હતા તેને પુર્ણ કર્યા છે. ભાજપ પાર્ટીએ લોકકલ્યાણના કાર્યોનુ આંદોલન ચલાવ્યું છે. કોંગ્રેસનુ શાસન આપણે જોયુ છે, પાણી માટે ,રસ્તા બનાવવા આંદોલન થતા હતા જેમા પોલીસ ગોળીબારમા યુવા દિકરાઓ શહિદ થાય, ગમે ત્યારે હુલ્લડ થતા હતા પરંતુ મોદી સાહેબ મુખ્યમંત્રી બન્યા પછી ગુજરાતમા શાંતીનુ વાતાવરણ બન્યુ છે.આ વખતે

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



લોકસભામા પાટણ બેઠકમા મારો વિજય જંગી બહુમતથી થશે તેવો વિશ્વાસ છે. તમે મને સાંસદ બનાવો હું નરેન્દ્રભાઇએ વડાપ્રધાન બનાવું.

રાજયના મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે સંબોધન કરતા જણાવ્યું કે, દેશનો અમૃતકાળ ચાલી રહ્યો છે અને ભારત શુ કરે છે તેના પર વિશ્વના દેશોની નજર છે. લોકસભાની ચૂંટણીમા ગુજરાતમા તમામ 26 બેઠકો જંગી લીડ સાથે જીતાડીએ.મોદી સાહેબના નેતૃત્વમા દેશનુ અર્થતંત્ર ખૂબ મજબૂત થયુ છે અને મોદી સાહેબ જયારે ત્રીજી વખત વડાપ્રધાન બનશે ત્યારે તેમના નેતૃત્વમા ભારત ટુંક સમયમા ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે. 2047મા દેશને વિશ્વગુરુ બનાવવાનું છે. આજે દેશની જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર સંપુર્ણ વિશ્વાસ છે.

આ કાર્યક્રમમા ક્લસ્ટર પ્રભારીશ્રી અમિતભાઇ ઠાકર, જિલ્લાના પ્રમુખશ્રી ડો.દશરથજી ઠાકોર,રાજયનામંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત,શ્રી અશોકભાઇ જોષી,શ્રી નંદાજી ઠાકોર,સાંસદ અને ઉમેદવારશ્રી ભરતસિંહ ડાભી,સાંસદશ્રી બાબુભાઇ દેસાઇ,બનાસકાંઠાના પ્રમુખશ્રી કિર્તિસિંહ વાઘેલા,મહેસાણા પ્રમુખશ્રી ગીરીશભાઇ રાજગોર,ધારાસભ્યશ્રીઓ શ્રી લવીંગજી ઠાકોર,શ્રી સરદારભાઇ ચૌધરી,પ્રદેશના મંત્રીશ્રી કુમારીજયશ્રીબેન દેસાઇ સહિત બૂથ પ્રમુખશ્રીઓ તેમજ જિલ્લા અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)